| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Gujarat Pranam** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **11/07/2022** |
| **PAGE:** | **2** |

# ઈડીઆઈઆઈએ વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર્સ માટે પાંચ દિવસીય નિ:શુલ્ક આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેટર્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજ્યો

ગાંધીનગર, ગુજરાત, ૦૯ જુલાઈ, ૨૦૨૨: ઈનોવેશનને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે ઈડીઆઈઆઈ વિવિધ યુનિવર્સિટીઝ સાથે મળીને પાયાના સ્તરે કામ કરી રહ્યું છે. તેની શરૂઆત ઉત્તરપ્રદેશ (યુપી)ના માનનીય રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી થઈ છે, જેમણે યુપીની યુનિવર્સિટીઝને ઈડીઆઈઆઈ સાથે સહયોગ કરવા તથા રાજ્યમાં ઉદ્યોગસાહસિકતાના માટે અનુકૂળ માહોલ તૈયાર કરવાનું સૂચન કર્યું છે. અત્યાર સુધીમાં એમએમએમયુટી, સીએસજેએમ, એકેટીયુ, એસવીપીયુએએન્ડટી જેવી યુનિવર્સિટીઝે રોપમેપ ઉપર કામ શરૂ કરી દીધું છે. આ અંતર્ગત ઈડીઆઈઆઈ દ્વારા પાંચ યુનિવર્સિટી અને એક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ૨૦ પ્રોફેસર્સને નિ:શુલ્ક ટ્રેનિંગ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ ૪ જુલાઈ, ૨૦૨૨થી શરૂ થઈને ૮ જુલાઈ, ૨૦૨૨ના રોજ સમાપ્ત થઈ હતી. આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ ટ્રેનિંગ પ્રોગ્રામની શરૂઆત કરાવી હતી તથા પ્રોફેસર્સને સંબોધન કરતાં ઉદ્યોગસાહસિકતાની મહત્વતા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "આપણે આત્મનિર્ભર બનવા માટે વિદ્યાર્થી જીવનથી જ ઉદ્યોગસાહસિકતાને અપનાવવી પડશે. તેમણે યુનિવર્સિટીના ચાન્સેલર્સની પ્રશંસા કરતાં કહ્યું હતું કે હાલમાં યુનિવર્સિટીઝની લીડરશીપ જાગૃક અને અગ્રેસર છે, જે શુભ સંકેત છે."